# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 14-11-2024 Midday : 1.20 to 1.30
Day : Thursday National News

### આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

****************************************************

1) કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે નવી દિલ્હીમાં 43મા ભારત આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળાનું ઉદઘાટન કર્યું..
2) રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં હવા ગુણવત્તા સૂચકાંક અતિગંભીર શ્રેણીમાં – દિલ્હી હવાઈમથકે માર્ગદર્શિકા જાહેર કરી..
3) ડોમિનિકાએ ગુયાનામાં ઇન્ડિયા- CARICOM શિખર સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ડોમિનિકા પુરસ્કાર અર્પણ કરવાની જાહેરાત કરી..
4) N.I.A.એ શ્રીનગરમાં આંતકી સંગઠન લશ્કર-એ-તૈયબાના ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ સાથે જોડાયેલા એક મુખ્ય આરોપી આતંકવાદીની મિલકતો જપ્ત કરી..
5) તામિલનાડુ અને આંધ્રપ્રદેશ સહિતના દક્ષિણ ભારતમાં આજે ભારે વરસાદની આગાહી.
6) બિહારમાં એશિયન મહિલા હોકી સ્પર્ધામાં ભારત આજે થાઈલેન્ડ સામે રમશે..

**********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# IITF-INAUGURATION

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે આજે નવી દિલ્લીના ભારત મંડપમ ખાતે 43 માં ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળા -IITFનું ઉદ્ઘાટન કર્યું છે.  જ્યારે ખાણ  ખનીજ મંત્રી જી.કિશન રેડ્ડીએ ખાણ વિભાગની પ્રેક્ષકો માટેની ઈમારતનું પણ ઉદ્ઘાટન કર્યું.

આકશવાણી સમાચાર સાથે વાત કરતાં ભારતીય ખરીદ – વેચાણ પ્રોત્સાહન સંસ્થાના જનરલ મેનેજર શંકરાનંદ ભારતી એ જણાવ્યું કે આ વર્ષની વિષયવસ્તુ 2047 સુધીમાં વિકસિત ભારત પર આધારિત છે અને ઝારખંડ આ મેળાનું મુખ્ય કેન્દ્રિત રાજ્ય છે તથા બિહાર અને ઉત્તરપ્રદેશ સહભાગી રાજ્યો છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે 14 દિવસ સુધી ચાલનારા આ મેળામાં ચીન, ઇજિપ્ત, ઈરાન, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, તુર્કીયે અને સંયુક્ત આરબ અમીરાત સહિતના દેશો ભાગ લેશે.

# PM NEHRU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નેહરુને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ પૂર્વ પ્રધાનમંત્રીને યાદ કર્યા હતા.

## DAY SRI LANKA POLLING

શ્રીલંકામાં નવી સંસદ માટે શાંતિપૂર્ણ મતદાન ચાલી રહ્યું છે. સવારે 10 વાગ્યા સુધી કેટલાક જિલ્લાઓમાં 40 ટકા મતદાન થયાના અહેવાલ છે. 225 સભ્યોની સંસદ માટે એક કરોડ 70 લાખથી વધુ મતદારો મતદાનમાં સહભાગી થવાની શક્યતા છે.

રાષ્ટ્રપ્રમુખ અનુરાકુમારા દિસાનાયકે, પ્રધાનમંત્રી ડૉ. હરિની અમરસૂર્યા, પૂર્વ રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, એસ.જે.બી. નેતા સાજિથ પ્રેમદાસાએ આજે સવારે મતદાન કર્યું હતું.

## DELHI AQI

રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં આજે સવારે હવા ગુણવત્તા સૂચકાંક – AQI 430 નોંધાયાના અહેવાલ છે. આ અતિ ગંભીર શ્રેણીમાં આવે છે. આ પેહલા ગઈકાલે AQI 349 નોંધાયો હતો. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના મતે, દિલ્હી NCRના શહેર ફરીદાબાદમાં 284, ગુરુગ્રામમાં 309, ગાઝિયાબાદમાં 375, ગ્રેટર નોયડામાં 320અને નોયડામાં 367 AQI નોંધાયો છે.

આ તરફ ઓછી દ્રશ્યતાના જોખમને પહોંચી વળવા માટે દિલ્હી હવાઈમથકે માર્ગદર્શિકા જાહેર કરી છે. તેમજ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. હાલમાં તમામ ફ્લાઈટનું સંચાલન સામાન્ય છે. નવી માહિતી સંબંધિત એરલાઈનનો સંપર્ક કરવા યાત્રિઓની સૂચન કરાયું છે.

## MCD MAYOR POLLS

દિલ્હી મહાનગરપાલિકા આજે નવા મેયરની પસંદગી કરશે. આજે બપોરે ચૂંટણી યોજાશે. ગઈકાલે દિલ્હીના ઉપ-રાજ્યપાલ વી. કે. સક્સેનાએ ચૂંટણીની દેખરેખ માટે ભાજપના મહાનગરપાલિકાના સભ્ય સત્ય શર્માને પ્રમુખપદના અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે. જોકે, ઉપ-રાજ્યપાલના આ નિર્ણય સામે આમ આદમી પાર્ટી – આપે વાંધો ઉઠાવતા કહ્યું કે, ઉપ-રાજ્યપાલે નિષ્પક્ષતા જાળવવા વર્તમાન મેયર અથવા તો મહાનગરપાલિકાના સૌથી વરિષ્ઠ નેતાને પ્રમુખપદના અધિકારી તરીકે નિયુક્ત કરવા જોઈએ.

આ તરફ ઉપ-રાજ્યપાલના આ નિર્ણય અંગે ભાજપે આમ આદમી પાર્ટી પર વૈધાનિક નિમણૂકો પરશંકા વ્યક્ત કરવાની આદત હોવાનો આક્ષેપ લગાવ્યો હતો. 250 સભ્યની મહાનગરપાલિકામાં આમ આદમી પક્ષ પાસે 127 અને ભાજપ પાસે 114 સભ્ય છે. જ્યારે કોંગ્રેસના આઠ સભ્ય છે. ભાજપ પાસે ગૃહમાં બહુમતી ન હોવા છતાં પક્ષે મેયર પદ માટે ક્રિષ્નલાલને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે મહેશ ખીચી આમ આદમી

પાર્ટીના ઉમેદવાર છે. તો નાયબ મેયર પદ માટે આપે રવિન્દ્ર ભારદ્વાજ અને ભાજપે નીતિ બિષ્ટને મેદાનમાં ઉતાર્યાં છે. સાત મહિનાના વિલંબ બાદ મેયરની ચૂંટણી યોજાશે.

## DOMINICA-PM MODI

ડોમિનિકાએ ગુયાનામાં ઇન્ડિયા- CARICOM શિખર સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ડોમિનિકા પુરસ્કાર અર્પણ કરવાની જાહેરાત કરી છે. કોવિડ-19 મહામારી દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ ડોમિનિકાને કરેલી મદદ અને બંને દેશો વચ્ચેની ભાગીદારી મજબૂત બનાવવા માટેની તેમની સમર્પિતતાની પ્રશંસા કરીને દેશનાં સર્વોચ્ચ સન્માનથી નવાજવાની જાહેરાત કરી છે.

## TRUMP GABBARD

અમેરિકાના પદનામિત રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે પોતાના મંત્રીમંડળમાં પૂર્વ ડેમોક્રેટ તુલસી ગબાર્ડને રાષ્ટ્રીય ગુપ્તચર સંસ્થાનાં નિદેશક પદ માટે નિયુક્ત કર્યાં છે. ચાર વખતનાં સંસદ સભ્ય અને વર્ષ 2020માં રાષ્ટ્રપ્રમુખ પદના ઉમેદવાર સુશ્રી ગબાર્ડ હાલમાં ડેમોક્રેટથી રિપબ્લિકનનાં સભ્ય બન્યાં છે.

શ્રી ટ્રમ્પે સાંસદ મેટ ગેટ્ઝને અમેરિકાનાં મહા ન્યાયવાદી તરીકે નિયુક્ત કર્યાં છે. અમેરિકાના પદનામિત રાષ્ટ્રપ્રમુખે સેનેટર માર્કો રૂબિયોને વિદેશમંત્રી નિયુક્ત કરવાની પણ જાહેરાત કરી છે. દરમિયાન

રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને સત્તાનાં શાંતિપૂર્ણ તબદીલીની પરંપરા અનુસાર ગઈકાલે રાત્રે વ્હાઈટ હાઉસના ઑવર કાર્યાલયમાં શ્રી ટ્રમ્પનું સ્વાગત કર્યું હતું.

## NIA SRINAGAR

રાષ્ટ્રીય તપાસ સંસ્થા – N.I.A.એ લશ્કર-એ-તયબાના ધ રેજિસ્ટેન્સ ફ્રન્ટ સાથે જોડાયેલા એક મુખ્ય આરોપી આતંકવાદીની મિલકતો જપ્ત કરી છે. N.I.A.એ આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં શ્રીનગરમાં 2 બિનસ્થાનિક લોકોની હત્યા સંબંધિત કેસમાં કાર્યવાહી કરી છે.

શ્રીનગરના જલદાગરમાં આવેલી મિલકતને ગેરકાયદે પ્રવૃત્તિઓ પ્રતિબંધ અધિનિયમની ધારા 25 હેઠળ જપ્ત કરાઈ છે. મુખ્ય આતંકવાદી આરોપી હાલમાં શ્રીનગરની મધ્યસ્થ જેલમાં કેદ છે અને તેની પર કેસ ચાલી રહ્યો છે.

## IMD-WEATHER.RTF

હવામાન વિભાગે આજે તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, તટીય આંધ્રપ્રદેશ, યાનમ અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી છે. આ વિસ્તારોમાં આ શનિવાર સુધી વરસાદ યથાવત્ રહેવાની શક્યતા છે. આ તરફ કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને રાયલસીમામાં વરસાદ વરસાદની આગાહી છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર અને ઝારખંડમાં રાત્રિ અને સવારના સમયે ગાઢ ધુમ્મસ છવાઈ શકે છે.

## CORALDISCOVERY-PACIFIC

દક્ષિણ પેસિફિક મહાસાગરમાં વૈજ્ઞાનિકોએ 2 ફૂટબોલ મેદાનના કદ ધરાવતા અને 300 વર્ષ જૂના વિશાળકાય પરવાળાની શોધ કરી છે. આ મહાકાય પરવાળા તેના કદના લીધે અવકાશમાંથી પણ દ્રશ્યમાન છે તેમજ છેલ્લે મળી આવેલ મહાકાય પરવાળા કરાતાં ત્રણ ગણું વધારે કદ ધરાવે છે.

વૈજ્ઞાનિકોના મત અનુસાર, વિશ્વના સૌથી ઊંચા વૃક્ષને શોધવાના પરિપ્રેક્ષ્યમાં આ શોધ મહત્વપૂર્ણ સાબિત થશે. આબોહવા પરિવર્તનને લીધે દરિયાના તાપમાનમાં વધારો હોવા છતાં આ પરવાળાએ  દાયકાઓ સુધી પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે.

## PHILIPPINES-TYPHOON

ફિલિપાઇન્સે વિનાશક વાવાઝોડુ ‘ઉસાગી’ દેશના ઉત્તર ભાગમાં આગળ વધતાં સૌથી મોટા વાવાઝોડા માટેની ચેતવણી જાહેર કરી છે. 180 કિલોમીટરની ઝડપથી આગળ વધી રહેલુ ઉસાગી વાવાઝોડું આજે

સૌથી વધુ વસ્તી ધરાવતા લુઝોન પ્રાંતના ઉત્તરીય ભાગમાં ભૂસ્ખલન સર્જે તેવી શક્યાતાઓ છે.

તંત્રએ ચેતવણી આપી છે કે આ વાવાઝોડાના લીધે દેશના ઉત્તર ભાગમાં પૂર અને ભૂસ્ખલન થવાની શક્યતાઓ છે. અત્યાર સુધીમાં આ વિનાશક વાતાવરણ પલટાને કારણે 100 લોકોએ જીવ ગુમાવ્યા છે અને મોટાપાયે માલસામાનને નુકસાન થયુ છે. આ અઠવાડિયામાં દક્ષિણ ચીન સમુદ્ર અને ઉત્તર પેસીફીક સમુદ્રમાં પ્રથમ વાર 4 ઉષ્ણકટિબંધીય વાવાઝોડા એકસાથે ટકરાતાં આ પરિસ્થિતિ સર્જાઇ છે.

## HOCKEY

બિહારના રાજગીરમાં એશિયન મહિલા હૉકી સ્પર્ધામાં વર્તમાન વિજેતા ભારત આજે પોતાની ત્રીજી મેચમાં થાઈલેન્ડ સામે રમશે. આ મેચ સાંજે પોણા પાંચ વાગ્યે રમાશે. ભારતે પ્રથમ મેચમાં મલેશિયાને ચાર શૂન્યથી અને બીજી મેચમાં દક્ષિણ કૉરિયાને ત્રણ શૂન્યથી પરાજય આપ્યો હતો.

આજની અન્ય મેચ દક્ષિણ કૉરિયા મલેશિયા વચ્ચે હાલમાં રમાઈ રહી છે. જ્યારે જાપાન અને ચીન વચ્ચે બપોરે અઢી વાગ્યે મેચ રમાશે.

## WORLD-DIABETES-DAY.RTF

દર વર્ષે 14 નવેમ્બરે વિશ્વ મધુપ્રમેહ એટલે કે ડાયાબિટીસ જાનજાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે આ દિવસની વિષયવસ્તુ "બ્રેકિંગ બેરિયર્સ એન્ડ બ્રિજિંગ ગેપ્સ" છે. જે સુનિશ્ચિત કરે છે કે ડાયાબિટીસ ધરાવતી દરેક વ્યક્તિ ઉચ્ચ-ગુણવત્તાવાળી, સસ્તી સારવાર મેળવી શકે અને કાળજીમાં અસમાનતાને દૂર કરવા સરકારો, આરોગ્ય સંસ્થાઓ અને સમુદાયો વચ્ચે સહયોગ પર ભાર મૂકાયો  છે. આ માત્ર ડાયાબિટીસના જોખમી પરિબળોને ઘટાડવા માટે જ નહીં પરંતુ આ સ્થિતિથી પીડિત લોકોને સતત સહાય પૂરી પાડવા માટે એક સંકલિત અભિગમની માંગ કરે છે.

ડાયાબિટીસ એ એક જાહેર આરોગ્ય પડકાર છે જે વિશ્વભરના લાખો લોકોને અસર કરે છે. જે નિવારણ, વહેલું નિદાન, અસરકારક વ્યવસ્થાપન અને ડાયાબિટીસની સંભાળની સમાન પહોંચ અને રોગ વિશે લોકોમાં જાગૃતિ લાવવા માટે વ્યાપક પગલાંની તાત્કાલિક જરૂરિયાતની અગત્યતા દર્શાવવા વિશેષ કાર્યક્રમોનું આયોજન થાય છે.